# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રિવરફ્રંડ ઉકરડે કરોડો વવાઇ ગયા!
ને ચીનાની મિજબાનીમાં કરોડો ચવાઇ ગયા!
ખવાઇ ગયા કરોડો કોન્ટ્રેક્ટનાં કૌભાંડમાં -
'સાહેબ'ની ભવાઇમાં કર્મચારીઓ શોષાઇ ગયા..
(અમ્યુકો ની ભવ્ય ભવાઇ)

## હાઇકુ

ઢીલી લગામે,
હડતાલીયા ઘોડા -
મૂકે છે માજા..
(અમ્યૂકો બંધ)

તૂટે છે તંત્ર
ખાલી જગ્યાઓ અને -
ખાલી તિજોરી..
(વહીવટી તંત્ર ખાડે)

## ચિંતન

**તીક્ષ્ણ ધારેણ ખડગેન વર જિહ્વા દ્વિધા કૃતા ।**
**ન તુ માનં પરિત્યજય દેહી-દેહીતિ ભાષિતમ્ ॥**

'તીક્ષ્ણધારવાળા હથિયારથી જીભના બે કટકા કરી નાખવા સારા, પણ માનને કારણે મૂકીને 'આપો-આપો'' એમ યાચના કરવીને બોલવું પડે એ બરોબર નહીં.'

સ્વમાની માણસ કયારેય કોઇ પાસે કોઇ પણ બાબત-વસ્તુ-ધનની યાચના કરતો નથી. યાચના એટલે સ્વમાનને ગિરવે મૂકવું આવો માણસ 'આપો' કહેતાં જીભ કપાઇ કેમ નથી એવું જ વિચારે છે. અર્થાત્ યાચના માટે તેની જીભ ઉપડતી જ નથી.

સારો - સ્વમાની માણસ કદી પણ યાચના કરતો નથી.

કોઇ પણ વસ્તુ-ધન બાબત ચલાવી લેવું સારું પણ યાચના તો ન જ કરવી. જીવનમાં સંતોષ અને ઓછી જરરિયાત જ સ્વમાન સાચવવાનો સરળ ઉપાય છે.

## સુવિચાર

- તમારી કોઇ વાત કોઇને કહી ન શકાય એવી મોટી પીડા બીજી ન હોઇ શકે - **માઇકલ એન્જેલા**
- તમારા કામના મૂળહેતુ ઉપર ધ્યાન કેન્દ્રીય કરશો તો લાગશે કે તમે ઇચ્છતા હતા એ ખરેખર કરતા નહોતા - **પન્નાલાલ પટેલ**
- છો વેદ વાંચનારા ને માનહાનિ લાગે, પરસેવો પાડનારા અમને તે જ્ઞાની લાગે, મન સાફ હોય તો દુનિયા મજાની લાગે, આનંદ ઉચ્ચ લાગે પીડા મજાની લાગે - **રઇશ મણીયાર**
- ભારતીય સંસ્કૃતિની ઓળખનું એક નાનું પ્રતિક : ગામડાનાં માજી એકલા રહેતા.. કહે છે 'અગિયારસનો ઉપવાસ છે' પણ ભાખરી બનાવી દેવી છે, કારણ કે ઉપવાસ તો મારે છે પણ આ મારી શેરીના ગાય કૂતરા માટે તો કંઇક બનાવવું જ પડે ને - **એસ. એમ. એસ.**
- લુચ્ચાઇ એ અયોગ્યતાનું અંધારિયું આશ્રયસ્થાન છે - **ચેસ્ટરફીલ્ડ**
- દાન એ ધર્મનું ઉચ્ચ ઘરેણું છે - **ઝેન કથન**
- ઊંઘ માણસની જાગ્રત સમસ્યાઓનો ઉત્તમ ઇલાજ છે - **સંત રોબિન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંતાનોનું બૌદ્ધિક સ્તર અલગ હોય છે તો રુપ-સૌંદર્ય પણ એક સરખાં હોતાં નથી. વળી મોટાં થાય ત્યારે એમના અલગ કાર્યક્ષેત્ર પ્રમાણે આવક પણ ઓછી વતી હોય છે. આથી ઘણાં પરિવારોમાં માતા-પિતાનાં પોતાનાં જ બાળકો માટે ભેદનીતિ ઊભી થઇ જાય છે. ઘણીવાર તો મા-બાપમાં પણ વાત્સલ્યની વહેંચણી થઇ જાય. પ્રેમ-લાગણીનું આવું સ્વાર્થી વિભાજન યોગ્ય નથી...

મા શારદા દેવી સ્ત્રીઓની સત્સંગ સભામાં બેઠાં હતાં. સભા પૂરી થઇ ત્યારે એક સ્ત્રી આંખમાં આંસુ સાથે આવી, ને 'મા' ને પૂછયું 'માતાજી મારે ચાર સંતાન છે, મોટો કમાય છે, બીજા નંબર હોશિયાર છે કોલેજ જાય છે, ત્રીજો મજૂરી કરે છે ને ચોથા ભણવામાં પછાત છે પણ હજુ ભણે છે. મારા મોટા સિવાય બધાને એમ લાગે છે કે હું તેમને પ્રેમ-વાત્સલ્ય આપવામાં અન્યાય કરું છું. હકીકતે એવું નથી. તો બધાંને સરખો પ્રેમ કેવી રીતે આપી શકાય?'

મા શારદા દેવીએ કહ્યું, 'તમે કોઇ પણ બાળકમાં બદલાની કોઇ પણ જાતની અપેક્ષા ન રાખો. અપેક્ષા સ્વાર્થ વૃત્તિને જન્મ આપે છે અને એને કારણે જ પ્રેમ - વાત્સલ્ય પર પ્રભાવ પડે છે. કોઇમાં જ કંઇ જ અપેક્ષા રાખ્યા વિના તારી માતૃત્વની ફરજ બજાવીશ તો તારું તાટસ્થ્ય જરુર સચવાઇ જશે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકના શરૂઆતના શરીરના બંધારણ માટે પોતાની માનું જ દૂધ મળવું જોઈએ તેની બદલે અન્ય પ્રાણીનું દૂધ આપીએ છીએ જે બાળકના શરીરના બંધારણમાં ખામીઓ પેદા કરે છે

## તંદુરસ્ત સમાજ


- રાજેશ. એસ. પટેલ

હવે એ જોવાનું છે કે માનવી બીમાર પડે છે અને જે પ્રાણીઓ બિચારા થઈને જીવે છે તે જંગલી જાનવરો (વનસ્પતિ આહારી) બીમાર પડતા નથી. આવું કેમ? શું તેમના અને આપના શરીરની રચના અલગ પ્રકારની છે? દેખીતી રીતે જોઈએ તો મને તેમાં કઈ અલગ દેખાતું નથી. કારણ કે એક ઉદાહરણની રીતે લઈએ તો વનસ્પતિ આહારી પ્રાણીઓ એટલે કે શાકાહારી પ્રાણીઓ અને આપણા શરીરમાં બહુ મોટો ફરક દેખાતો નથી.

બાહ્ય રીતે જોઈએ તો માનવીને ફક્ત શીંગડાપૂંછ નથી જે પ્રાણી માટે આત્મ રક્ષણ માટે છે.

આંતરિક રીતે જોઈએ તો માનવીના શરીરમાં લાલ રંગનું લોહી ફરે છે જેમાં હિમોગ્લોબીન હોય છે, પ્રાણીઓમાં પણ લાલ રંગનું લોહી ફરે છે જેમાં હિમોગ્લોબીન હોય છે. માનવીના માથામાં મગજ રહેલું છે. પ્રાણીઓના માથામાં પણ મગજ રહેલું છે. માનવીને એક હૃદય છે, પ્રાણીઓને પણ એક હૃદય છે. માનવીને બે ફેફસાં છે, પ્રાણીઓને પણ બે ફેફસાં છે. માનવીને જઠર, લીવર, કીડની, આંતરડા, મૂત્રાશય, ગર્ભાશય, સ્તન, શિશ્ન, આંખો, નાક, કાન, ગળું, જીભ, દાંત વગેરે જે માનવીને છે તે બધું જ પ્રાણીઓને ભગવાને આપેલું છે.

પ્રાણીઓમાં વધારાનું એક જઠર હોય છે. એટલેકે પ્રાણીઓને બે જઠર હોય છે. કેમકે પ્રાણીઓને જયારે જંગલમાં ઘાસ ચારો ખાવાનો હોય ત્યારે આપની જેમ આરામથી એસી હોલમાં શાંતિથી ખાવાનું હોતું નથી. તેમને બિચારાને દરેક સમયે કોઈને કોઈ જંગલી માંસાહારી પ્રાણીનો ડર સતત સતાવતો હોય છે અને ઝડપથી ઉતાવળમાં જે મળ્યું તે ફટાફટ ખાઈ લેવાનું હોય છે અને તે ખાઈ લીધા પછી પોતાના ટોળા સાથે સુરક્ષિત જગ્યા ઉપર પહોચીને, જે ખોરાક ફટાફટ ખાધો હતો તે આરામથી બેસીને પહેલા જઠરમાં નાખેલો ખોરાક મોઢામાં બહાર લાવીને (વાગોળી) ચાવી ચાવીને એક રસ કરી બીજા જઠરમાં પાચન થવા આગળ જાય છે.



માનવીને આ બધી ક્રિયામાંથી મુક્તિ મળી છે કેમ કે આપણે પ્રાણીઓની જેમ વિકટ પરિસ્થિતિમાં ખોરાક ખાવાનો હોતો નથી આથી ભગવાને માનવ શરીરને બે જઠર આપ્યા નથી.

હવે એ સત્ય છે કે પ્રાણીઓની (વનસ્પતિ આહારી) અને માનવીની શારીરિક રચના લગભગ એક સરખી છે. એ રીતે જોતા માનવીનું શરીર પ્રાણીઓની જેમ વનસ્પતિ આહારી છે. પ્રાણીઓ પણ બાલ બચ્ચા પેદા કરે છે. માનવી પણ બાલ બચ્ચા પેદા કરે છે. પ્રાણીઓ પણ તેના બચ્ચાને દૂધ પીવડાવે છે અને માનવી પણ પોતાના બચ્ચાને દૂધ પીવડાવે છે.

અહી સુધી માનવી અને પ્રાણીઓમાં કઈ ફરક નથી. જો કે માનવી પણ એક પ્રકારનું કહેવાતું બુદ્ધિશાળી પ્રાણી જ છે. એટલે પ્રાણીઓ અને માનવીમાં કોઈ ફરક નથી. ફરક છે માત્ર બુદ્ધિનો.

આપણે અહી બુદ્ધિ વિષે કોઈ ચર્ચા કરવાની નથી કેમ કે માનવીની વૈચારિક બુદ્ધિ પ્રાણીઓ કરતાં વધારે જ છે તેમાં કોઈ બે મત નથી. પણ રોગોની બાબતમાં મારું માનવું છે કે આપના કરતાં પ્રાણીઓની બુદ્ધિ કદાચ વધારે છે.

હવે શરુ થાય છે માનવી અને પ્રાણીઓની જીવનચર્યાના વિરોધીભાસી વર્તણુકની.

શરૂઆત કરીએ બાળકના જન્મ સમયથી. શરૂઆત કરીશું પ્રાણીઓના બચ્ચાના જન્મ અને તેની વર્તણુકથી. પ્રાણીઓનું બચ્ચું પણ માનવીની જેમ નર માદાના મેળાપ (પ્રજનન)થી પેદા થાય છે. પ્રાણીઓના બચ્ચા પણ પ્રજનન પછી માનવીની જેમ જ અમુક મહિનાઓ પછી જન્મ લે છે. પ્રાણીઓમાં પણ માદા જ બચ્ચાને જન્મ આપે છે. અહી સૌથી મોટું આશ્ચર્ય એ વાતનું છે કે દરેક પ્રાણીના બચ્ચાની ડીલીવરી કુદરતી રીતે થાય છે. અને માનવીનીના બચ્ચાની?

પ્રાણીનું બચ્ચું જન્મે છે અને થોડા કલાકોમાં ચાલવા માંડે છે. જયારે માનવીના બચ્ચાને ચાલતા થતા આશરે બાર માસ લાગે છે. પ્રાણીનું બચ્ચું જન્મે કે તરત તેની માં તેને દૂધપાણ કરાવે છે. માનવી પણ તેના બચ્ચાને દૂધપાન કરાવે છે. આશરે એકાદ વર્ષ પ્રાણીનું બચ્ચું તેની માનું દૂધ પીએ છે. માનવીમાં પણ તેવું જ છે. પ્રાણીનું બચ્ચું જેવું તેની માની જેમ ખાતું શીખી લે છે તેમ તેમ તેની માને દૂધ આવવાનું બંધ થઈ જાય છે.

પ્રાણીનું બચ્ચું જેમ જેમ મોટું થાય છે તેમ તેમ તેની માને ભગવાન દૂધ થોડું થોડું કરીને બંધ કરી દે છે. હવે પ્રાણીનું બચ્ચું મોટું થાય પછી આખી જીન્દગી દૂધ પીતું નથી. જયારે માનવી બુઘ્ધો થાય ત્યાં સુધી બીજા પ્રાણીનું દુધ પીધે રાખે છે.

ભગવાને દરેક પ્રાણી માટે તેના બચ્ચા માટે દુધની વ્યવસ્થા કરેલી છે પણ તે ફક્ત બચ્ચું મોટું થાય અને બીજો ખોરાક ખાતું થાય તેટલા જ પુરતું કરેલી છે. અને એટલે જ પ્રાણીનું બચ્ચું જેવું મોટું થાય કે તરત ભગવાન તેની માને દૂધ બંધ કરી દે છે. જરા વિચારો. જો ભગવાન ખરેખર દુધને આખી જીન્દગી જરૂરી માનતા હોત તો તેની માને આખી જીન્દગી પર્યત દૂધ આપતા. પણ એવું નથી બચ્ચું જેવું બીજો ખોરાક ખાવાનું શીખી લે પછી તરત તેની માને દૂધ બંધ કરી લે છે. આની પાછળ કઈક લોજીક હશે.

બીજી વાત, ભગવાને દુધની વ્યવસ્થા એવી રીતે કરી છે કે પ્રાણીનું બચ્ચું તેની માનું દૂધ સીધે સીધું જયાં પેદા થાય છે ત્યાં જ વાપરવાનું છે. એટલેકે ભગવાને દરેક પ્રાણીઓને આંચળની વ્યવસ્થા કરેલી છે જેથી તેનું બચ્ચું સીધે સીધું મોઢામાં નાખી પી શકે. કારણ કે ભગવાને દૂધ એવું બનાવ્યું છે કે જો તેને બહાર કાઢી ખુલ્લું રાખવામાં આવે તો તરત બગડવાનું શરુ થઈ જાય છે. અને તે પીવા લાયક રહેતું નથી અને આથી જ પેદા થાય ત્યાંજ વાપરી લેવાનું. કોઈ સંગ્રહ કરવાનો નહિ.

દુધની બાબતમાં બીજી ચીજ એ સમજવાની છે કે ગાયનું દૂધ ગાયના બચ્ચા માટે છે, ભેસનું દૂધ ભેસના બચ્ચા માટે છે. બકરીનું દૂધ બકરીના બચ્ચા માટે છે. માનવીના બચ્ચા માટે માનવીનું જ દૂધ કામનું છે. અહી માનવીએ બુદ્ધિ લગાવીને ગાયો અને ભેસોના બચ્ચાના હક્કનું દૂધ પોતાના સ્વાર્થ માટે કાઢી લીધું અને તેનો સંગ્રહ કરી વાપરવા લાગ્યો.

પોતાનું દૂધ, શરીર બેડોળ થવાની ચિંતામાં પોતાના બાળકને પાવું નથી અને બીજા પ્રાણીના બચ્ચાના હક્કનું દૂધ ચોરી કરી પોતાના બચ્ચાને પાઈએ છીએ પણ ભગવાન બધું જુએ છે અને કર્મનું ફળ આપે છે. પારકી માનું દૂધ પાશો તો તમારા બચ્ચા પારકી માં જેવા જ બનશે. આજે બાળકોની તંદુરસ્તી જોખમમાં આવી છે તેનું એ પણ કારણ છે કે પોતાનું દૂધ પાતા નથી અને બીજા પ્રાણીનું દૂધ પાઈએ છીએ.

બાળકના શરૂઆતના શરીરના બંધારણ માટે પોતાની માનું જ દૂધ મળવું જોઈએ તેની બદલે અન્ય પ્રાણીનું દૂધ આપીએ છીએ જે બાળકના શરીરના બંધારણમાં ખામીઓ પેદા કરે છે.

હવે તો લોકો ઊંચા થવાની લાયમાં ઊંટના બચ્ચાનો દુધનો હક્ક પણ છીનવી લેવા માંડ્યા છે. અરે ભાઈ ઊંચા થવું હોય તો ભગવાનને એક અરજ કરો, આવતા જન્મમાં તમને ઊંટ જ બનાવી દેશે. એના માટે ચોરી કરવાની ક્યાં જરૂર છે.

બીજી એક મહત્વની અને ખુબજ સાયન્ટીફીક વાત કરવા માગું છું. ભગવાને આ દુનિયામાં બે પ્રકારના જીવ માટે ખુબજ મહત્વની વસ્તુઓ બનાવી છે. અહી બે પ્રકારના જીવ એટલે એક પ્રાણીઓ અને બીજી લીલી વનસ્પતિ. વનસ્પતિ પણ એક પ્રકારની જીવંત વસ્તુ છે. વનસ્પતિમાં પણ જીવ હોય છે. પ્રાણીઓમાં પાંચ ઈન્દ્રીઓ હોય છે. વનસ્પતિમાં પ્રાણીઓ જેટલી ઈન્દ્રીઓ નથી. અહી વૈજ્ઞાનિક રીતે જોઈએ તો પ્રાણીઓ માટે કુદરતે વનસ્પતિનું નિર્માણ કરેલું છે અને વનસ્પતિ માટે ભગવાને પ્રાણીઓનું નિર્માણ કરેલ છે.

વનસ્પતિ જે પ્રાણ વાયુ બનાવે છે તેના આધારે પ્રાણીઓ જીવી રહ્યા છે અને પ્રાણીઓ જે અંગાર વાયુ બનાવે છે તેના આધારે વનસ્પતિ જીવી રહી છે. આમ વનસ્પતિ અને પ્રાણીઓ એક બીજાના પુરક છે. વનસ્પતિમાં રહેલું ક્લોરોફીલ અને પ્રાણીઓમાં રહેલું હિમોગ્લોબીનના જાદુઈ મેળાપની વાત આવતા અંકે...

# આપણે ઈશ્વરથી શા માટે ડરવું જોઈએ?

## રોહિતોપદેશ

- રોહિત શાહ

ઇશ્વરથી ડરીને ઇશ્વરની ભક્તિ કરનારો માણસ કદીયે આસ્તિક ન હોઇ શકે. જો હું ભક્તિ નહિ કરું તો ઇશ્વર મને પનિશમેન્ટ કરશે એવો ભય લાગતો હોય તો માનવું કે આપણી આસ્તિકતા શુદ્ધ નથી. ઇશ્વરના પ્રકોપથી આપણે ડરીએ અને પછી એની ભક્તિ કરીએ તો એ જામે ખરી? કોઇ ગુંડા કે મવાલીને આપણને એકાંત જગ્યાએ આંતર્યા હોય ત્યારે આપણે તેનાથી ડરીએ છીએ અને મુક્તિ માટે કાલાવાલા કરીએ છીએ : 'ભાઇ, હું તારી ગાય છું... મને આટલા વખત જવા દે! મારી પાસે પૈસા દાગીના જે કંઇ છે એ ભલે તું લઇ લે, પણ મને કંઇ કરીશ નહિ. હું તને પગે લાગું છું, ભાઇ, મને મારીશ નહિ!' આવા કાલાવાલામાં ભક્તિનો છાંટોય છે ખરો? ગુંડાનો ડર છે, તેના હાથમાંથી છૂટવાની ગરજ છે, પણ એમાં ભક્તિ તો નથી જ. જો ઇશ્વરને આપણે ડરના માર્યા ભજતા હોઇએ તો એ સ્વાર્થી કાલાવાલા જ ગણાય, એને ભક્તિ ન કહેવાય.

એ જ રીતે મનમાં કશીક લાલચ હોય અને આપણે ઇશ્વરની ભક્તિ કરવા મંડી પડ્યા હોઇએ તો પણ એ ભક્તિ ન જ કહેવાય. આપણને કશુંક સુખ જોઇએ છે, એની કૃપા મેળવવી છે એટલે એને ખુશ કરવા ખુશામત કરીએ છીએ. ભક્તિ એ ખુશામત નથી અને ખુશામત એ ભક્તિ નથી. કોઇ સરકારી ઓફિસમાં જઇએ અને ત્યાં બેઠેલા કર્મચારી પાસેથી કામ કઢાવવા માટે તેની ખુશામત કરીએ કે તેને લાંચ આપીએ એ ખરેખર તો ભ્રષ્ટાચાર છે. જો ઇશ્વરની પાસેથી કશુંક સુખ કે મોક્ષ મેળવવા માટે એને ફળનૈવેદ્યની ભેટ ધરીએ તો એ ઇશ્વરને લાંચ આપી કહેવાય, એટલે કે ઇશ્વરની સાથે ભ્રષ્ટાચાર આચર્યો ગણાય. એ ભ્રષ્ટાચારને ભેટ, અર્પણ, ન્યોછાવર, અર્ધ્ય જેવાં રુપકડાં નામ આપીએ એથી શો ફરક પડે? એ બધામાં ભક્તિનો છાંટોય નથી, ઊલટાનો ભારોભાર ભ્રષ્ટાચાર છે.

કેટલાક કહેવાતા ધર્મગુરુઓ દલાલો જેવા હોય છે. ભક્તિના બહાને તેઓ દલાલી ઉઘરાવતા ફરે છે. તમારે પુણ્ય જોઇતું હોય તો એમની આજ્ઞા કે પ્રેરણા પ્રમાણે લૂંટાતા રહો! ઇશ્વરે શું આવા કોઇ એજન્ટો રાખ્યા હશે? એક વાત યાદ રાખવી જોઇએ કે ડરના કારણે અથવા તો લાલચથી પ્રેરાઇને આપણે જે કંઇ કરીએ એને ગમે તે નામ આપો, પણ એ ભક્તિ નથી.

હું ન તો આસ્તિક છું, ન તો નાસ્તિક છું, મને ઇશ્વરનો ડર નથી કે એની પાસેથી કશું મેળવવાની વૃત્તિ પણ નથી. મારે મન તો ઇશ્વર ફૂલ જેવો છે. ફૂલ મને ગમે છે. એની સુવાસ મને મીઠી લાગે છે. એનું સૌંદર્ય મને તાજગી આપે છે. ફૂલને હું ચાહું છું, પરંતુ ફૂલોને મેળવવા માટે ખોટા ઉધામા નથી કરતો. બગીચામાં જઉં અને ફૂલોને જોઇને રાજી થઉં, એટલું જ ઇનફ. ઘરે કૂંડામાં ફૂલછોડ હોય અને તાજું ખીલેલું ફૂલ જોઉં તો તાજગી અવશ્ય અનુભવું છું, પણ એનો અર્થ એવોય નથી કે હું ફૂલને ન જોઉં એ દિવસ ફોગટ જાય છે. ફૂલ મળે તો ગમે છે, પણ ન મળે તો અફસોસ નથી થતો. ફૂલ મને ગમે છે, છતાં એની લેશમાત્ર ગરજ નથી.

ઇશ્વર વિશે પણ મારું એવું જ છે. એ મળે તોય ઠીક, ન મળે તો મારું કશુંય બગડી નથી જતું. મારે એની અણહકની કૃપા તો બિલકુલ નથી જોઇતી.

ઇશ્વર કોઇ ગુંડો કે મહાવી થોડો છે કે એનાથી આપણે જરી જવું પડે? ઇશ્વર કંઇ સરકારી ભ્રષ્ટ કર્મચારી થોડો છે લાંચ લીધા વગર એ આપણું કામ ન જ કરે?

અને જો ઇશ્વર એવો હોય તો આપણે એનાથી છેટા રહેવા જ પ્રયત્ન કરવો જોઇએ. ધૂપ-દીવા અને વ્રત-તપ વગર રીજે જ નહિ એવા ઇશ્વરની આપણને શી જરુર? આપણી પાસે બાધા-આખડી કરાવે, આપણે ઉઘાડા પગે ચલાવે, ભૂખ્યા રાખે, ભીડમાં દોડાવે એવો ઇશ્વર હોય ખરો? અને હોય તો પણ આપણે એની પાછળ ગાંડા થવાનું શાનું વળી?

એટલે જ કહું છું કે મારે મન તો ઇશ્વર ફૂલ જેવો છે. આપણી પાસે હોય તો સારું છે અને ન હોય તો કશું ખોટકાઇ જવાનું નથી. ઇશ્વર કદીય ન મળે - એની કૃપા જરાય ન મળે તો આપણું કશું જ અટકી પડવાનું નથી. એને એનું કામ કરવા દો, આપણે આપણાં કર્તવ્યોને વફાદાર રહીએ. ઇશ્વર માટે વેવલા થવાનું નથી. ઇશ્વરને ખુદનેય વેવલા લોકો પસંદ ન જ હોય.

અમે નાના હતા ત્યારે ખેતરમાં ફરવા જતા હતા. ખેતરમાં મને 'ચાડિયો' જોવાની બહુ મજા પડતી. આજેય કયારેય ખેતરમાં ચાડિયો જાઉં છું ત્યારે મારા ભીંતરમાં બાળપણનો રોમાંચ છલકાઇ ઊઠે છે. આ ચાડિયો એટલે શું? ખેતરમાં પાક (ફસલ) ને પશુ-પંખીઓ નુકશાન ન પહોંચાડે એ હેતુથી આડી-ઊભી લાકડીનો ક્રોસ બનાવીને એને પુરુષનાં કપડાં પહેરાવેલા હોય. પશુ-પંખીઓને દૂરથી ત્યાં કોઇ માણસ ઊભો હોય એવો વહેમ પડે અને ચણ ચણવા કે ઘાસ ચરવા અંદર ઘૂસી ન જાય. કયારેક ચાડિયાને માથે હેટ પણ ગોઠવેલી હોય. કયારેક ચાડિયો લાકડી ઉગામીને ઊભેલો હોય. એમાં કલાત્મકતા હોવી અનિવાર્ય નહોતી. એનો હેતુ તો ભય અને ભ્રમ પેદા કરવાનો જ હતો. કયારેક મને લાગે છે કે આપણા ધર્મગુરુઓએ આપણને ડરાવવા માટે, આપણા મનમાં ભય અને ભ્રમ પેદા કરવા માટે ઇશ્વરના નામનો ચાડિયો આપણી સામે મૂકી દીધો છે!

ઇશ્વર વિશેની મારી વ્યાખ્યા સાવ સરળ અને સર્વસ્વીકૃત છે. જો કોઇ નાસ્તિક વ્યક્તિ પણ આ વ્યાખ્યા સાંભળે તો એને સ્વીકારવા તૈયાર થશે. આપણને આફતમાં રાહત આપે, સંકટમાં સહાયક બને અને છતાંય આપણી પાસેથી કશાય વળતરની કે બદલાની જરાય અપેક્ષા ન રાખે, પોતે જે કંઇ મહાન પુણ્યકાર્ય કર્યું એની કયાંક બડાશ ન મારે - પ્રદર્શન ન કરે તે ઇશ્વર. ભલે પછી તે સ્વજન-મિત્ર રુપે પર્મનન્ટ આપણી સાથે રહેતો હોય કે અજાણી વ્યક્તિ રુપે કયારેક જ અચાનક મળી જતો હોય!

મારે એવો ઇશ્વર નથી જોઇતો, જે મારી ભૂલો માટે મને પનિશમેન્ટ કરે. મારે તો એવો ઇશ્વર જોઇએ છે, જે મારી કોઇ પણ ભૂલ ગમે ત્યારે પણ માફ જ કરે અને મને ભરપૂર વહાલ કરે. મારી પાસેથી દાન-દક્ષિણા, પ્રસાદ, ભોગ, ભેટ કંઇ જ ન માગે. કશીય અપેક્ષા વગર મારા ઉપર કૃપા અને કરુણા વરસાવે તેને હું ઇશ્વર કહેવા - માનવા તૈયાર છું.


આપણને રિબાવે, તડપાવે, પનિશમેન્ટ કરે, સુખો ભોગવવા ન દે, આપણને સુખો ભોગવતા જોઇને ભડકી ઊઠે, આપણી પાસે ટાંટિયાતોડ જાત્રાઓ કરાવે, દૂધમાં નાહવાનું જેને ગમે, ગરીબ ભક્ત પાસેથીય છપ્પન ભોગની અપેક્ષા રાખે, કિમતી ઝાકમઝાળ અને ઘંટારવના પ્રદૂષણથી જે પ્રસન્ન થતો હોય તેવો ઇશ્વર જ માત્ર કલ્પના જ છે. સાચો ઇશ્વર તો નક્કી આપણી આસપાસમાં વસતો અને શ્વસતો હશે, આપણને કોઇ તકલીફ ન પડે અને કદાચ તકલીફ પડે તો સ્નેહથી સહાય કરવાની પ્રતીક્ષામાં ઊભેલો હશે. મિત્રો - સ્વજનોનું આવું ઇશ્વરી સ્વરુપ સમજાય તો નો પ્રોબ્લેમ.

# કન્ઝયુમર પ્રોડકશન એકટમાં સુધારો

## હવેથી રાજય ફોરમમાં ન્યાય ના મળતા દિલ્હી અપીલ કરવા જવુ નહિ પડે, ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ વળતર મેળવવા વકીલ રોકવામાંથી મુક્તિ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ગ્રાહક એ બજારનો રાજા છે તેમ છતા ઘણીવખત ગ્રાહકો પોતે જ છેપરપીંડીનો ભોગ બનતા હોય છે અને સરવારે ખાતર ઉપર દિવેલ જેવી પરિસ્થિતિ પેદા થાય છે. ન્યાય મેળવવા માટે નાણા અને સમયનો વ્યય કરવો પડે છે. ટેકનિકલ કારણોસર વેપારી કે કંપની રાજય ફોરમ કે જીલ્લા ફોરમમાં જીતી જાય તો ગ્રાહકોએ ન્યાય મેળવવા નેશનલ ફોરમમાં અપીલ કરવા માટે દિલ્હી સુધી ધક્કા ખાવા પડતા હતા હવેથી રાજય ફોરમમાં ચુકાદા સામે રાજયમાંજ નેશનલ ફોરમની રચના કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે.

ઉત્પાદકોની છેતરપીંડીનો ભોગ બનનાર ગ્રાહકને જીલ્લા ગ્રાહક સુરક્ષા ફોરમમાં બે લાખ સુધીની રકમના કેસો લડવા માટે વકિલ રોકવાની જરૂર પડશે નહી, જાતે જ પોતાનો કેસ લડી શકશે, કંપનીઓ પણ પોતાના કેસ માટે વકિલ રાખી બચાવ કરી શકશે નહી. પરિણામે એકટ અને લો ની કાયદાકીય છટકબારીનો લાભ કંપનીને મળશે નહી અને પરિણામે ફેકટ ઉપર જ ગ્રાહક પોતાનો બચાવ કરી શકશે અને ન્યાય મેળવી શકશે.

ગ્રાહકોને ન્યાય આપવા માટે રાજયમાં આવી તેમના કેસ ચલાવે તેવી નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવશે. ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ સુધીના કેસોમાં કંપનીઓ વકિલો રોકી બચાવ કરી શકશે નહિ જાતે અગર તો પોતાના પ્રતિનિધી મારફત જ કેસ લડવો પડશે. બીજી તરફ ગ્રાહકોને પણ વકિલ રોકયા સીવાય હક્કિત આધીન પોતાનો બચાવ રજુ કરી ન્યાય મેળવી શકશે.

ઉત્પાદકે વેચેલો ખામી વાળો માલ પરત ના લે તો તેને પણ નવા સુધારા કાયદા મુજબ અનફેટ ટ્રેડ પ્રેકટીશ ગણવામાં આવશે. હાલમાં ઈ કોમર્સ અને ઓન લાઈન વેચાણને ધ્યાનમાં લઈ ઓન લાઈન ટ્રેડીંગ કરનાર દ્વારા થતી છેતરપીંડીના કેસોમાં પણ ગ્રાહકોને ન્યાય મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

ગ્રાહક સુરક્ષા ફોરમને આ બાબતે પોતાને યોગ્ય લાગે કે ગ્રાહકોને કંપની લુંટી રહી છે તો પોતે જ સુઓમોટો અરજી દાખલ કરી શકશે. આ માટે પોતે જ ફરીયાદી થઈ શકે છે.

કેટલાક વેપારીઓ બીલ વગર પણ મોટાપાયે માલ વેચી પાછળથી ખામીવાળો માલ પરત લેતા નથી કે માલના બદલામાં ગ્રાહકોને નાણા પરત ચુકવતા નથી. ગ્રાહકો રામભરોસે પોતે છેતરાયા નો અહેસાસ કરી ઘરમાં ચુપચાપ બેસી રહેતા હોય છે. જેનાથી આવા છેતરપીંડી કરનારાને ઉઘાડી લુંટ કરવાનો પરવાનો મળે છે અને યેનકેન પ્રકારે કાયદાની ચુંગળમાંથી બચતા હોય છે. બીલ વગરનો માલ વેચવો તેને પણ અનફેર ટ્રેડ પ્રેકટીશ ગણવામાં આવશે. વેપારીઓ મોટા પાયે વેટ, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષની ચોરી કરતા હોય છે જયારે ગ્રાહકો સસ્તુ લેવાના લોભમાં છેતરાય છે.

કન્ઝયુમર એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી આ માટે વિગતવાર અહેવાલ તૈયાર કરેલ છે અને કન્ઝયુમર પ્રોડકશન એકટના જુદા જુદા પાસાઓ માટે પાંચ જુદા જુદા વિભાગો તૈયાર કરવામાં આવ્યા છે. જે સતત ઉત્પાદકો દ્વારા થતી છેતરપીંડીથી ગ્રાહકોને સાવચેત રાખવાના પગલા ભરશે. જે માટે રાષ્ટ્રીય સ્તરે પાંચ અલગ અલગ હોદ્દેદારોની નિમણુંક કરશે જે આ બાબતનું ધ્યાન રાખશે. આ માટે સેન્ટ્રલ કન્ઝયુમર પ્રોડકશન ઓથોરીટીની પણ રચના કરવામાં આવશે.

મોટા મોટા વાયદા કરી લોભામણી જાહેરાત કરી પ્રોડકટ અંગે ખોટા દાવા કરતી જાહેરાતો આપનારી કંપનીની આવી જાહેરાત સામે રદીયો આપતી જાહેરાત પણ ઓથોરીટી દ્વારા કરવામાં આવશે. જેટલીવાર કંપનીઓ દ્વારા દાવાઓ કરવાની જાહેરાત કરવામાં આવી હશે તેટલી જ વાર આવા દાવાઓનો રદીયો આપતી જાહેરાત કંપનીઓએ કરવી પડશે. જેથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો ઉપર આપોઆપ જ અંકુશ મુકાશે.

સુધારેલા નવા એકટ મુજબ ઓનલાઈન ફરીયાદ ફાઈલ કરવાની ગ્રાહકોને સત્તા મળશે. ગ્રાહકોનું શોષણ અટકાવવા કન્ઝયુમર પ્રોડકશન ઓથોરીટીની રચના કરવામાં આવશે.

ગાંધીનગરનો વતની પ્રવાસ દરમ્યાન ખરીદી કરે અને ગુણવત્તા મુજબનો માલ ના નિકળે અગરતો છેતરાય તો હવેથી કંપની કે વેપારી કે ઉત્પાદકો સામે ગાંધીનગરમાં જ ફરીયાદ દાખલ કરી શકશે. પહેલા ન્યાઈક હુકમતની જોગવાઈને લીધે જયાંથી માલ ખરીદેલ હોય તે સ્થાનિક હકુમતમાંજ ફરીયાદ દાખલ કરવા ગ્રાહકોને જવું પડતું જેના ખર્ચથી બચવા ગ્રાહકો છેતરાયા હોય તો પણ ખાતર ઉપર દિવેલના ડરથી ફરીયાદ કરવાનું ટાળતા હતા જેનો સીધો લાભ ટુરીઝમ સ્થળે પ્રવાસીઓને છેતરવાની પ્રવૃત્તિ અટકશે પ્રોડકના લીધે ગ્રાહકને નુકશાન થાય, ઈજા થાય, મૃત્યુ થાય કે ગ્રાહકના માલ મિલ્કતને નુકશાન થાય તો તે માટે આર્થિક વળતર જોગવાઈ ઉત્પાદકને કરવી પડશે.

ગ્રાહકએ બજારનો રાજા છે, જાગો ગ્રાહક..... જાગો...